# તું જ તારા દિલનો દીવો થા !

**લોક સંસદ**

પ્રિય જ્યોતીન્દ્રભાઈ,

સૌ પ્રથમ તો તમારી કૉલમ 'લોક સંસદ' દ્વારા નાગરિકોના વિચારોને અભિવ્યક્ત કરવાની તક આપવા બદલ અભિનંદન !

સવાલ એ છે કે નવા વસાવાએલા આ નગરના આપણે આજ સુધી વસાહતીઓ હતા, નાગરિકો ક્યાં હતા ? એ હક્ક લડીને જ મેળવ્યો હતો ને ? પણ, હક્ક કે અધિકારની ચીંતા કરનારા આપણે નાગરિક શિક્ષણની જરા યે ચીંતા ન કરી. આપણે સુપેરે જાણીએ છીએ કે અધિકાર અને ફરજ એ એક સીક્કાની બે બાજુઓ છે !

નગર એનાં સારા નાગરિકોથી શોભે છે. સાચું એ છે કે આપણને સાચા નાગરિકોનું શિક્ષણ મળ્યું છે ખરૂ ? સત્ય એ છે કે આપણને સઘળું સદી ગયું છે. 'એ તો આમ જ ચાલે' !

ગંદકી હોય કે હોય ભ્રષ્ટાચાર, અસત્ય કે ટંટા-ફિસાદ, આપણે એને



હળવાશથી જ લઈએ છીએ !

જ્યારે સફાઈનો જ મુદ્દો ગાજે છે ત્યારે થોડી એની જ વાત કરી લઉં, વર્ષ ૨૦૧૨ ના 'અખંડ આનંદ' સામયિકના દીપોત્સવી અંકમાં મારો એક લેખ છપાયેલો. 'ગંદકી આપણો જીવન વ્યવહાર' નામે. એ ચિંતન લેખ હતો. હકીકત એ છે કે આપણને ગંદકી સદી ગઈ છે એટલું જ નહીં, આપણા જીવન-વ્યવહારમાં ગોઠવાઈ ગઈ છે. શું ઘરમાં કે બહાર, આજુબાજુ એનો આપણને જરાય છોછ કે સૂગ નથી.

દુ:ખની વાત એ છે કે આપણે અહીંથી પરદેશ જઈએ છીએ ત્યારે ત્યાં ડાહ્યા ડમરા થઈ જઈએ છીએ ! પણ, ત્યાંથી પાછા સ્વદેશ આવ્યા પછી હતા એના એ ! આપણે એ દેશોના વખાણ જરૂર કરીએ છીએ પણ એ દેશોમાંથી કશું શીખતા જરાયે નથી.

અલબત્ત બીજું ઘણું બધું શીખીએ છીએ ! સારું-નરસું પારખવાની વિવેકબુદ્ધિ આપણે ગુમાવી બેઠા છીએ !

સૌ પ્રથમ તો આપણે આપણા ઘરનો કચરો પડોશીના વિસ્તારમાં જ ફેંકીએ છીએ ને આપણે સંતોષ માનીએ છીએ કે આપણું ઘર તો સ્વચ્છ બની ગયું ને ! અગાઉ તો બાળકોને ભણવામાં આવતું કે 'ચોખ્ખુ' ઘરનું આગણું, ચોખ્ખો ઘરનો ચોક' વગેરે... આજે તો ઉત્તમ નાગરિક બનવાના પાઠ પણ શિક્ષણમાંથી નીકળી ગયા છે ! હા. શિક્ષણ અપાય છે, કેળવણીનું શું ?

મારે વાત એ જ કરવી છે કે આપણે આઝાદ થયા, છ છ દાયકા વીતી ગયા લોકશાહીનું સાચું શિક્ષણ કે નાગરિકધર્મના સંદર્ભે આપણને કંઈ મળ્યું છે ખરૂ ? ચૂંટણીના રાજકારણના આટા-પાટા સીવાય ?

પડોશી પ્રત્યેની, નગર પ્રત્યેની, રાજ્ય કે રાષ્ટ્ર પ્રત્યેની નાગરિકની ફરજો શું હોઈ શકે એનું શિક્ષણ કે તાલીમ મળી છે ખરી, ક્યારે ય ? એટલે કહ્યું છે તેમ તાલીમ વગર નાગરિક અધૂરો છે અને નાગરિક અપૂર્ણ હોય તો લોકશાહી અપૂર્ણ છે અંગ્રેજીમાં કહેવત છે કે 'ચેરિટિ બિગિન્સ એટ હામ' એ જ્ઞાન ઘરથી શરૂ થવું જોઈએ.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે નગરની જાગૃત નાગરિક સંસ્થાઓમાં આવા નાગરિક ઘડતરના કાયક્રમો ઉપાડી લેવા જોઈએ નહીં કે માત્ર સરકાર કે વહીવટી તંત્ર સામેની ફરિયાદો આપણે બીજા તરફ એક આંગળી ચીંધીએ છીએ ત્યારે બાકીની ત્રણ આંગળીઓ આપણી તરફ લંબાયેલી હોય છે ! આક્ષેપો કે ફરિયાદો કરવી સહેલી છે જાત સુધારવી અઘરી છે. ''આપણે શું ? સફાઈનું કામ તો સરકારનું કે નગરપાલિકાનું છે.'' આપણે એ ભૂલી જઈએ છીએ કે સરકાર એટલે કોણ ? નગરપાલિકા એટલે શું ? આપણે ગંદકી કર્યા કરવી ને સરકાર વહીવટ કરે એની ફરિયાદ કરવી. એક સરસ સૂત્ર યાદ આવે છે 'હમ સુધરેંગે, જગ સુધરેગા' જ્યાં સુધી વ્યક્તિ કે નાગરિકનું ઘડતર નહીં થાય ત્યાં સુધી આવું બધુ ચાલતુ જ રહેવાનું. સવાલ એ છે કે આવું ઘડતર કરે કોણ ? કો'કે, કો'કે તો ભાઈ કરવુંપડશે ? આ માટે નગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવે. કવિ ભોગીલાલ ગાંધીએ સાચુ લ્યું છે ''તું તારા દિલનો દીવો થા ને ભાયા ! મૂર્ધન્ય વાર્તાકાર 'ધૂમકેતી' પણ એ જ તો કહે છે, 'માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જોતાં શીખે તો અર્ધુ જગત શાંત થઈ જાય'' ઈશ્વર આપણને સૌને સારુ-નરસું પારખવાની શક્તિ આપો.''

-ભાનુપ્રસાદ પુરાણી



દેશના લોખંડી પુરૂષ તરીકે બિરૂદ પામેલ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથી નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા દેશભરમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમને સાથ આપતા સરદાર પટેલ ગ્રુપ દ્વારા ગાંધીનગરના ખ-પ સર્કલ ખાતે કેન્ડલ સળગાવીને સરદાર વલ્લભભાઈ પટેલ હજુ પણ યુવાનોના મનમાં એટલું જ મહત્વ ધરાવે છે એવો સંદેશો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની પાર્થ ઠકકર તથા ધવલ ડોડીયાએ આગેવાની લીધી હતી.

# વૃદ્ધા માસુમ બાળકને બચાવવા ગઈ ને પોતે જ ગાયની ઝપેટે ચઢી..!

## બોરીજ ગામમાં બપોરે બનેલી ઘટના : વૃદ્ધાને કપાળે ચાર ટાંકા આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામમાં દોઢેક વર્ષનું માસુમ બાળક ઘર આંગણે રમી રહ્યું હતું ત્યારે એક મારકણી ગાય તેને શિંગડે ચઢાવવા દોડી હતી. ગાયને દોડતી જોઈને ગામની જ એક વૃદ્ધા માસુમ બાળકને બચાવવા દોડી..! બાળકને તો બચાવી લીધુ પરંતુ પોતે જ તે ગાયની ઝપેટે ચઢી જતાં કપાળે ગંભીર ઈજાઓ થવા પામી હતી. કપાળે ચાર ટાંકા આવ્યા પરંતુ એક માસુમ બાળકને બચાવી લેવાનો શ્રેય પણ તે વૃદ્ધાને જાય છે.

બોરીજ ગામમાં આજે બપોરના અરસામાં દોઢેક વર્ષનું બાળક તેની ધૂનમાં ઘર આંગણે રમત રમી રહ્યું હતું. એક મારકરણી બનેલી ગાય માસુમ બાળકને ભેટુ મારવા દોડી હતી અને આ જ સમયે દોડતી ગાય તરફ ગામની જ વૃદ્ધા ભાનુબેન મનુભાઈ મકવાણાનું ધ્યાન પડ્યું...! ભાનુબેને દોટ મુકીને બાળકને તે સ્થળેથી ધક્કે મારીને ખસેડી દીધી પરંતુ પોતે જ તે મારકણી ગાયના ભેટે ચડી ગઈ...! ગાયે વૃદ્ધાને શિંગડે ચઢાવીને ફેંકતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. તેમને કપાળે ચાર ટાંકા લેવા પડ્યા હતા. મોડી સાંજે વૃદ્ધાને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ આપી ઘરે આરામ કરવાની તબીબે સલાહ આપી હતી. જો કે નોંધનીય બાબત છે કે વૃદ્ધાએ દોઢ વર્ષના બાળકને મોતાના મ્હોમાંથી બહાર કાઢી તેને નવી જીંદગી બક્ષી છે.

## કલોલ તાલુકાના નારદીપુર નજીક કાંઠા ગામે

# ઓએનજીસી ગેસ પ્લાન્ટમાં લીકેજ થતા અફડાતફડી

## સમયસર પરિસ્થિતિ કાબુમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી : બપોરે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૫

કલોલ તાલુકાના નારદીપુર નજીક આવેલા કાંઠા ગામની સીમમાં સ્થિત ઓએનજીસીના ગેસ પ્લાન્ટમાં આજે બપોરના અરસામાં અચાનક લીકેજ થતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ગેસ લીકેજ થતાની સાથે જ ઓએનજીસીની ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગઈ હતી અને તાત્કાલિક પરિસ્થિતિ કાબુમાં લઈ લેતા મોટી દુર્ઘટના ટળી હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત નારદીપુર ગામ નજીક આવેલા કાંઠા ખાતે ઓએનજીસી ગેસ પ્લાન્ટ પર આજે બપોરના સુમારે ભારે મોટી દુર્ઘટના થતા ટળી હતી. અચાનક ગેસ પ્લાન્ટ પર ગેસ લીકેજ થતા દોડધામ મચી જવા પામી હતી. તાત્કાલિક ઓએનજીસીના ફાયર બ્રિગેડને બોલાવી લેવામાં આવ્યું હતું અને ગેસ સપ્લાય કટ કરી દઈને આગ



દુર્ઘટના સર્જાય તે પહેલા જ પરિસ્થિતિ કાબુમાં લઈ લેવામાં આવી હતી. સદનસીબે આ ગેસ લીકેજને સમયસર તંત્ર દ્વારા કાબુમાં લેતા મોટી દુર્ઘટના ટળી હતી. કલોલ તાલુકા પોલીસનો કાફલો પણ આ ઘટનાની જાણ થતાં જ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો.

# મકાન ભાડુઆતની જાણ ન કરનાર વધુ ત્રણ માલીકો સામે ગુનો દાખલ

## સરગાસણ ખાણીપીણીની દુકાનમાં કેમેરા ન લગાડ્યા હોવાથી તેના માલિક સામે પણ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સેકટર-૭ પોલીસની ટીમે સરગાસણ ગામની સીમમાં સ્થિત કોમ્પલેક્ષ ખાતે એક ખાણીપીણીની દુકાનમાં સીસીટીવી ન લગાડેલા હોવાથી ચેકીંગ બાદ તેના માલીક સામે ગુનો નોંધ્યો છે તે ઉપરાંત કુડાસણ ગામે સ્થિત કૃષ્ણકુંજ રેસીડેન્સીમાં તપાસ કરતા ત્યાં ત્રણ મકાનોમાં ભાડુઆત રહેતા હોવા છતાં તેના માલીકોએ ભાડુઆતની જાણ સ્થાનિક પોલીસમથકે ન કરી હોવાનું ધ્યાને આવતા તે ત્રણેય માલીકો સામે પણ જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસે સરગાસણ ગામની સીમમાં સ્થિત મધુરમ કોમ્પલેક્ષમાં આવેલી ખાણીપીણીની દુકાનમાં ચેકીંગ કરતાં જાણવા મળ્યુ હતું કે કલેક્ટરના જાહેરનામા છતાં સીસીટીવી કેમેરા લગાડેલા ન હતા. પોલીસે તેના માલિક મધુસુદન લાભશંકર દવે રહે. સે. ૨-બી, પ્લોટ નં. ૪૫૩/૧ સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. તે ઉપરાંત કુડાસણ ગામની સીમમાં સ્થિત કૃષ્ણકુંજ રેસીડેન્સીમાં કરેલા ચેકીંગમાં ત્રણ મકાનોમાં ભાડુઆત રહેતા હોવા છતાં તેની જાણ સ્થાનિક પોલીસમથકે કરવામાં ન આવી હોવાનું બહાર આવ્યું હતું. આ ત્રણેય મકાનના માલીકો સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## ગાંધીનગરના બસોબ્યાસી વણકર સમાજના ટ્રસ્ટીઓનું બોરીસણામાં ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૧૫

બોરીસણ ગામમાં વણકર સમાજનો રિવાજ મુજબ 'કળશીયો' કરવાનો પ્રસંગ આજે યોજાઈ ગયો. જેમાં ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળે હાજરી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને પૂર્વ સાંસદ રતિલાલ વર્મા, પ્રમુખ મધુકર પરમાર અને ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમનું બોરીસણા ગામના વણકર વસતી પંચે ખૂબ જ આદરપૂર્વક આવકાર આપી ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

## નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

બસોબ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ તા. ૧૦ ફેબ્રુઆરીના-૨૦૧૪ રોજ સે. ૬ના મેદાન ખાતે યોજવામાં આવશે.

બસોબ્યાસી ગરો બ્રાહ્મણ સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. જેમાં સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓએ પોતાનું અરજી ફોર્મ જરૂરી પુરાવા સહિત તા. ૩૧ ડિસેમ્બર સુધી સંસ્થાના હોદેદારો પાસે જમા કરાવવાનું રહેશે. તદ્ઉપરાંત સમૂહ લગ્નના ખર્ચને પહોંચી વળવા સમાજને દાન આપી સહાય કરવા ઈચ્છતા હોય તેવા દાતાઓએ દેવેનભાઈ પંડ્યા સે. ૫-એ, અને ચીમનલાલ રાજગોર સે. ૨૪નો સંપર્ક તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં કરવા જણાવ્યું છે.

# ગાંધીનગર ખાતે ઉમિયા માતાજી સંસ્થાનનો દશાબ્દી મહોત્સવ યોજાયો

## સંતો મહંતોની ઉપસ્થિતિમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સેક્ટર-૧૨ ખાતે



કડવા પાટીદાર સમાજના શ્રી ઉમિયા માતાજી સંસ્થા દ્વારા તાજેતરમાં નવ નિર્મિત 'ઉમા સમાજ ભવન'ના ઉદ્ઘાટનનો બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દંતાલી આશ્રમના પૂ. સ્વામી સચ્ચિદાનંદજીના વરદહસ્તે ઉમા સમાજ ભવન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું તેમજ ઉમિયા માતાજી સંસ્થાનનો દશાબ્દી મહોત્સવ પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સંતો-મહંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અને રાજ્યકીય અને સામાજિક અગ્રણીઓ સહિત સંતો-મહંતો, હોદેદારો અને સમાજના સભ્યો પરિવાર સહિત હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં દિલ દઈને તન-મન-ધનથી દાન કરનાર દાતાશ્રીઓને પણ સન્માનવામાં આવ્યા હતા તેમજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ પણ હાજરી આપી હતી.


# બલરામ મંદિર પરિસરનો અષ્ટમ્ પાટોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

આજ રોજ ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશના મધ્યસ્થ કાર્યાલય એવા બલરામ મંદિર પરિસર ખાતે અષ્ટમ પાટોત્સવ યોજાઈ ગયો. જેમાં સવારથી જ ગાયત્રી યજ્ઞ-મહાઆરતી-ધ્વજારોહણ, સન્મનાના કાર્યક્રમ સહિતના કાર્યક્રમો યોજાઈ ગયા. કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૧૫૦૦ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આર્શીવચન પાઠવવા માટે પ.પૂ. આચાર્યશ્રી કૃષ્ણમણીજી મહારાજ પ્રણામી સંપ્રદાય ખીજડા મંદિર, જામનગર ઉપસ્થિત રહ્યા હતાં.

મુખ્ય મહેમાન તરીકે ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય મહામંત્રી પ્રભાકરજી કેલકર દિલ્હી અને અતિથી વિશેષ તરીકે શ્રી સી.કે. પટેલ પ્રમુખ એન.એફ.આઈ.એ ખાસ હાજર રહ્યા હતાં.

કાર્યક્રમમાં પૂર્વ આંદોલનના કાર્યક્રમમાં સક્રિય યોગદાન આપનાર એવા ૪૪ ભાઈઓ અને ૩ મહિલા કાર્યકરોને સન્માન કરવાનો કાર્યક્રમ પણ ખૂબ જ લાગણીસભર રીતે યોજાયો હતો. જેમાં ૧૪ વર્ષ સુધી ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય



અધ્યક્ષ તરીકે સેવા આપનાર ડૉ. કુંવરજીભાઈ જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમનું પણ સન્માન થયેલ તમામ સન્માનનીય કાર્યકરોએ અહોભાવની લાગણી પ્રગટ કરી તેઓને યાદ કર્યા બદલ ખૂબજ હર્ષની પ્રતિતી પ્રગટ કરેલ.

તમામ ભૂતપૂર્વ કાર્યકરોનું સન્માન શાલ, મોમેન્ટો, સન્માન પત્ર દ્વારા જીવણદાદા પ્રભાકરજી અને અંબુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂજય આચાર્યશ્રીએ કિસાનોના પ્રશ્નો માટે સંગઠનને સતત સક્રિય રાખી, ગ્રામોત્થાન, વ્યસનમુક્તિ, ગૌ સેવા જેવા કર્તવ્ય દ્વારા રાષ્ટ્રાભિમાન સાથે કાર્ય કરવા શીખ આપી હતી અને કિસાન કાર્ય માટે પ્રસાદી રૂપ ૨૧,૦૦૦ રૂપિયાનો ચેક સંઘના પ્રમુખશ્રી મગનભાઈ પટેલને અર્પણ કર્યો હતો.

રાષ્ટ્રીય મહામંત્રીએ આગામી ૩-૪-૫ જાન્યુઆરીમાં ગુજરાતમાં યોજાનાર રાષ્ટ્રીય મહિલા વર્ગમાં મહિલાઓની સહભાગીતા, અને આગામી સમયમાં પ્રત્યેક ગામ સમિતિની સક્રિયતાના આધારે જાગૃતિ અને સમસ્યા નિરાકરણ લાવવાની વાત કરી હતી. જેમાં યુવા શકિતને પણ જોડવાનું આહવાન કર્યું હતું અને સમય સમય પર શક્તિ પ્રદર્શન કરીને સંગઠનને સક્રિય રાખવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ (જંગલ ખાતા) દ્વારા ગ્રામ્ય જૈવવિવિધતા બચાવવા અને તેના માટે જાગૃતિ આવે તેના માટે સ્ટોલ દ્વારા ચિત્રો-પોસ્ટર સાહિત્ય વિતરણ કરીને માહિતી આપી હતી.

અતિથિ શ્રી સી.કે. પટેલ દ્વારા કિસાનોને નવી ટેકનોલોજી સાથે કદમ મિલાવી હાઈટેક ખેતી કરીને વધુ કમાણી કરવા માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મહામંત્રી મણીભાઈ પટેલ, પ્રાસ્તવિક શ્રી મગનભાઈ પટેલ પ્રદેશ પ્રમુખ દ્વારા અને આભાર વિધિ સહમહામંત્રી વિઠ્ઠલભાઈ દુધાત્રાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સહમહામંત્રી બી.કે. પટેલે કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦

સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૦૯.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ હોબીટ(અંગ્રેજી) :૯.૧૦,૧૨.૨૫,૩.૪૦,૬.૫૫,૧૦.૧૦

: સ્ક્રીન-૨ :

જૅકપોટ :૯.૨૫, ૧.૫૦, ૬.૧૫,૧૦.૪૦

વૉટ ધ ફીશ : ૧૧.૩૦, ૩.૫૫, ૮.૨૦

: સ્ક્રીન-૩ :

રામલીલા : ૧૦.૪૦, ૪.૪૦, ૭.૪૦

આર. રાજકુમાર : ૧.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૪ :

આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

જૅકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦

રામ લીલા : ૪.૧૫

હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

### સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

જૅકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

લકી કબૂતરા : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

રામલીલા : ૧.૦૦, ૭.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- દલિત સેના ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે

## આપની આજ

**મેષ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રૂચિ વધશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. વેપાર સારો ચાલશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : સાહસનો લાભ મળશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. રૂખીબેન મહાદેવભાઈ રબારી (ઉ.વ. ૭૫) મુ. પો. દશેલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દશરથભાઈ અભાભાઈ ભંગી (ઉ.વ. ૬૨) મુ. પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નટવરભાઈ ડાહ્યાભાઈ લહાણી (ઉ.વ. ૭૨) મુ. પો. વલીયમપુરા, તા. તલોદ, જિ. સાબરકાંઠા.